# College Controversy

## પર ઓપન ડિસ્કશન કરવા આઈઆઈટી ગાંધીનગરના સ્ટુડન્ટ્રે બનાવી fluttr એપ્લિકેશન

સોશિયલ મીડિયાએ આજે લોકમત કેળવવામાં ખૂબ જ મોટી ક્રાંતિ કરી છે. આજે યંગસ્ટર્સ ફેસબુક, ટ્વિટર, બ્લોગ, વોટ્સએપ, જેવા સોસિયલ મીડિયાનો યુઝ કરીને વિશ્વના કોઈ પણ ખૂણામાં બનતી ઘટનાને ગણતરીની સેકન્ડોમાં વાઈરલ કરીને ચર્ચાનો વિષય બનાવી દે છે. પણ આ બધા સોશિયલ મીડિયામાં ઘણા બુધ્ધિજીવી લોકો પોતાના નામ જાહેર થઈ જવાના ડરના કારણે કોઈ પણ વિષય પર કોમેન્ટ કરતા અચકાતા હોય છે. એજ્યુકેશન ઈન્સ્ટિટયૂટમાં પણ સ્ટુડન્ટસને ઘણા પ્રકારની એકેડમીક તકલીફો પડતી હોય છે. પણ પોતે આ વાત પર કોઈ પણ ચર્ચા કરશે તો ઈન્સ્ટિટયૂટના સંચાલકો દ્વારા કોલેજમાંથી રસ્ટીકેટ કરી નાખશે? તેવા ડરના કારણે સ્ટુડન્ટસ પોતાના પ્રતિભાવો આપતા અચકાતા હોય છે. પણ આ બાબતનું સમાધાન ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી, ગાંધીનગરના સ્ટુડન્ટસ દ્વારા સોલ્યુશન શોધી કાઢવામાં આવ્યું છે. આઈઆઈટીના સ્ટુડન્ટસ દ્વારા 'ફ્લુટર એપ' બનાવી છે. જેમાં કોઈ પણ વ્યકિત કોઈ પણ કોમેન્ટ કરી શકે છે.












આઈઆઈટી, ગાંધીનગરના યંગ આંત્રપ્રિન્યોર પંકજ ગોમત(ઈલેક્ટ્રોનિક એન્જિનિયર), રાજેશ પાટીદાર (મિકેનિકલ એન્જિનિયર), શિવમ મની ત્રિપાઠી (ઈલેક્ટ્રીકલ એન્જિનિયર), ઉજસ દવે (ઈલેક્ટ્રીકલ એન્જિનિયર) દ્વારા 'ફ્લુટર નામની આ અનોખી એન્ડ્રોઈડ એપ્લિકેશન બનાવી છે.

ફ્લુટર એપ્લિકેશનામાં તમે ગમે તે પ્રકારની કોમેન્ટ કરી શકો છો. આ એપ્લિકેશન ખાસ એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ માટે બનાવવામાં આવી છે. જેનો યુઝ હાલ આઈઆઈટી ગાંધીનગર, વિશ્વકર્મા એન્જિનરિંગ કોલેજ, પીડીપીયુ, એનઆઈડીના સ્ટુડન્ટસ યુઝ કરી રહ્યા છે. આ એપ્લિકેશનની મોસ્ટ એમેજિંગ બાબત જોવા જઈએ તો આ એપ્લિકેશન યુઝ કરનાર યુઝર એકેડમી વિશે કોઈ પણ ગમા-અણગમા વિશે લખીને પોસ્ટ કરી શકે છે. એપ્લિકેશનના અન્ય યુઝર પણ કોઈ પણ પોસ્ટ પર પોતાની કોમોન્ટ કરી શકે છે. પોસ્ટ કે કોમેન્ટ કરનારા સ્ટુડન્ટસના નામ એપ્લિકેશનમાં બદલાઈને આવે છે. જેના કારણે સ્ટુડન્ટસ કોઈ પણ પ્રકારના ડર વગર આ એપ્લિકેશન યુઝ કરી રહ્યા છે. આઈઆઈટી ગાંધીનગરની ઘણા પ્રોફેસરો પણ સ્ટુડન્ટસને પડતી તકલીફો જાણવા માટે આ એપ્લિકેશન ડાઉનલોડ કરી યુઝ કરી રહ્યા છે.

**ઈન્સ્ટિટ્યૂટ અને સ્ટુડન્ટસ વચ્ચેના ગેપને ઘટાડવા ફ્લુટર એપમાં સ્ટુડન્ટસ પોતાના નામ જાહેર કર્યા વિના ઓપિનિયન આપી શકશે**

આ અંગે એપ્લિકેશન બનાવનાર પંકજ કહે છે સોસિયલ મિડિયા પર કોઈ પણ બાબત પર કોમેન્ટ કરવી ખૂબ જ રિસ્કી હોય છે કારણ કે તેમાં તમારા નામ જાહેર થતા હોય છે. પણ આ એપ્લિકેશનમાં તમારા નામ જાહેર ન થવાના કારણે તમે એજ્યુકેશનની દરેક સમસ્યાઓ પર પોતાની કોમેન્ટ આપી શકો છો. જેનો હાલ ૫૦૦ જેટલા સ્ટુડન્ટસો યુઝ કરી રહ્યા છે.તમારી દરેક કોમેન્ટને સ્ટુડન્ટસ વોટ આપશે અને જો તમારી કોમેન્ટ ફાલતુ હશે તો યુઝર તેને ડિસલાઈક પણ કરી શકશે.